સંદેશ, ગાંધીનગર આવૃત્તિ પાના નંબર, ૦૯.
તારીખ :- ૨૧/૦૨/૨૦૨૪.

### મેટ્રો ફેઝ-૨ A અને B માટે બજેટમાં સરકાર દ્વારા જોગવાઈ કરાઈ

# કોટેશ્વરથી એરપોર્ટ સુધી મેટ્રો દોડતી થશે, અંડરગ્રાઉન્ડ સ્ટેશન બનશે

## ગિફ્ટસિટીના આંતરિક વિસ્તારમાં ૧૦ કિલોમીટરનો મેટ્રો રૂટ તૈયાર કરાશે

। ગાંધીનગર ।

ગુજરાત કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ની યજમાની કરશે, તો ૨૦૩૬માં ઓલમ્પિકની પણ યજમાની આવશે. જેને લઈ આધૂનિક સ્ટેડિયમ, માર્ગ, મેટ્રો સહિતની સુવિધાઓ ઉપર બજેટમાં વિશેષ જોગવાઈઓ કરાઈ છે. તેની સાથે સાથે મેટ્રો ફેઝ-૨A એટલે કે કોટેશ્વર રોડથી સરદાર પટેલ એરપોર્ટ સુધી ૬ કિલોમીટરના રૂટ પર મેટ્રોની સુવિધા ઉભી કરવાનું આયોજન છે. અંદાજે રૂ. ૧૮૦૦ કરોડના સમગ્ર પ્રોજેક્ટને લઈને રાજ્ય સરકારે આ વખતના બજેટમાં પ્રાથમિક ૪૦ કરોડની જોગવાઈ કરી છે. આ ઉપરાંત ગિફ્ટસિટીના અંદરના ભાગમાં ૧૦ કિલોમીટર રૂટ માટેના પ્રોજેક્ટ માટે પણ બજેટમાં પ્રાથમિક રીતે ૪૦ કરોડ જેટલી જોગવાઈ કરાઈ છે.

મેટ્રો ફેઝ-૨માં અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે મેટ્રો રેલ દોડતી થઈ જવા પામી છે. ત્યારે હવે સરકાર દ્વારા બે અન્ય રૂટ મેટ્રો ફેઝ-૨A અને ફેઝ-૨B ઉપર હવે ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે. ૨૦૩૦ કોમનવેલ્થ ગેમ્સ અને ૨૦૩૬ ઓલિમ્પિકને ધ્યાને લઈને મેટ્રોના બંને પ્રોજેક્ટ ઝડપી પૂર્ણ કરવાનું આયોજન છે. ફેઝ-૨Aમાં ૧૮૦૦ કરોડના સમગ્ર પ્રોજેક્ટમાં ત્રણ એલિવેટેડ અને એક અંડરગ્રાઉન્ડ સ્ટેશન બનાવાશે. કોટેશ્વર રોડથી એરપોર્ટ સુધી ૬ કિલોમીટરના રૂટ ઉપર મેટ્રો દોડશે. જેમાં કોટેશ્વરથી હાંસોલ, તાજ સર્કલ સુધી એલિવેટેડ ટ્રેક અને તાજ સર્કલથી એરપોર્ટ સુધી અંડરગ્રાઉન્ટ રૂટ તૈયાર કરવામાં આવશે. અંડરગ્રાઉન્ડ સ્ટેશન ઉપરથી પેસેન્જર સીધા જ એરપોર્ટ જઈ શકશે. પ્રોજેક્ટને લઈને ડિટેઈલ ડિઝાઈન રિપોર્ટ તૈયાર કરી દેવાયો હોવાની વિગતો છે. જેને મંજુરી પણ મળી જવા પામી છે. ડીપીઆર મંજુર થઈ જતાં હવે આ નવા ફેઝ પર કામગીરીને શરૂ કરવાના એંધાણ છે. છેલ્લા કેટલાક સમયથી આ દિશામાં મેટ્રો કંપની દ્વારા ગ્રાઉન્ડ ઝીરો પર રૂટની ચકાસણી પણ શરૂ કરી દેવામાં આવી છે. કોટેશ્વરથી એરપોર્ટ સુધીના રૂટ પર નવા ચારેક જેટલા સ્ટેશન આવશે તેવું કહેવાય રહ્યું છે. હાલમાં ગાંધીનગરથી મોટેરા સ્ટેડિયમ સુધી મેટ્રો ટ્રેન દોડતી થઈ છે. હજુ થોડાક સમય પહેલા જ મહાત્મા મંદિરથી જૂના સચિવાલયવાળા રૂટને પણ આવરી લેતી મેટ્રોને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા લીલીઝંડી આપવામાં આવી હતી. મેટ્રો શરૂ થતાં ગાંધીનગરના નાગરિકો માટે અમદાવાદ સુધીની સફર સરળ અને ઝડપી બની છે. ગાંધીનગર-અમદાવાદ ટ્વીન સિટી વચ્ચે લોકો મેટ્રોનો વધુ ઉપયોગ પણ કરતા થયા છે. નિયત સમયમાં કામ પતાવીને અમદાવાદથી ગાંધીનગર ઘરભેગા થઈ શકાય છે. ઝડપી અને સલામત ટ્રાન્સપોર્ટેશનના કારણે લોકો મેટ્રોને વધુ પસંદ કરતા થયા છે. એટલું જ નહિ સૌથી મહત્વમાં ટ્રાફિક જામથી છૂટકારો મળી રહ્યો છે.

કોમનવેલ્થ ગેમ્સને લઈને સમગ્ર પ્રોજેક્ટને ૨૦૨૮ના અંત સુધીમાં પૂર્ણ કરી દેવાનું આયોજન છે. આ રૂટમાં દરેક સ્ટેશન ઉપર ડિજિટલ અને એપ દ્વારા ટિકિંગ બુકીંગ, પાર્કિંગ અને ઈન્ટરચેન્જની સુવિધા રહેશે. બીજી તરફ ફેઝ-૨માં ગિફ્ટસિટીમાં ૧૦ કિલોમીટરનો આંતરિક રૂટ તૈયાર કરાશે. જે અંતર્ગત પ્રારંભિક તબક્કે ૩.૩ કિલોમીટરના રૂટ ઉપર કામગીરી શરૂ કરાશે,